ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૨ ટકા

# કોરોનાના કેર સાથે શાકભાજીના ભાવમાં પણ વધારો




ગાંધીનગર, તા.૮

કોરોનાના કેરને કારણે એક બાજુ શહેરીજનોના ધંધા રોજગાર પડી ભાંગ્યા છે તો બીજી બાજુ ઘરની બહાર નીકળવું કે કેમ તે પણ પ્રશ્ન છે. ઘરની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે તો બહાર આવવું જવું પડે સાથે કોરોનાનો ડર, ઉનાળાની કાળઝાળ ગરમી અને હવે આવી મોંઘવારી. પેટ્રોલ સાથે હવે શહેરમાં શાકભાજીના ભાવમાં પણ વધારો થયો છે. કોઈ પણ શાક ૧૦૦ રૂપિયાથી નીચે કિલો મળતું નથી. બટેકાનો ભાવ ૨૦ રૂપિયા છે. બાકી લીંબુ ૧૮૦ રૂપિયે કિલો સાથે ભીંડા ૮૦ થી ૧૨૦ રૂપિયે કિલોએ વેચાઈ રહ્યા છે. ઉનાળાનું આગમન થતા જ શહેરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે ત્યારે મધ્યમવર્ગીય પરિવારો હાલ ફક્ત બટાકા ખાઈને ચલાવી રહ્યા છે.

શહેરમાં મોંઘવારીનો સામનો કરવાનો વારો ફરી એકવાર આવી ગયો છે. પેટ્રોલ-ડિઝલ ઉપરાંત સોના-ચાંદીમાં ભાવ વધારાથી સામાન્ય જનતાને એટલો ફરક પડતો નથી કારણકે અનેકના પાસે વ્હીકલ પણ નથી હોતા પરંતુ શાકભાજીએ સામાન્યથી ઉંચા તમામની જરૂરિયાત છે જેના ભાવમાં વધારો-ઘટાડો થવાથી તમામને અસર થાય છે. શહેરના માર્કેટમાં શાકભાજી લેવા માટે ભીડ જામી હતી જયારે કોરોનાને કારણે લોકડાઉન થશે તેવી વાતો ફરતી થઈ પરંતુ શાકભાજીના ભાવ વધેલા જણાતા ઘણાને પાછા ફરવું પડયું હતું. રીંગણ ૪૦ થી ૬૦ રૂપિયે કિલો, કાકડી ૮૦ રૂપિયે કિલો, ટમેટા ૮૦ થી ૧૦૦ રૂપિયે, બીન્સ ૬૦ થી ૧૦૦ રૂપિયે કિલો એમ વેચાઈ રહ્યા છે. સાથે લીંબુના ભાવ ૧૮૦ થી ૨૦૦ રૂપિયે કિલો બોલાય છે જયારે ડોકટર કોરોનામાં લીંબુ પીવાની સલાહ આપી રહ્યા છે પરંતુ લીંબુ ખરીદવા માટે ચાર વાર આજે વિચાર કરવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. હવે શહેરના મધ્યમવર્ગીય પરિવારો એમ કહી રહ્યા છે કે અમે દવા લઈએ કે કુદરતી ઉપચાર કરીએ? દવા નથી લેવી માટે ઘર ઘરાઉ ઉપાય કરી રહ્યા છે પરંતુ લીલા શાકભાજી અને લીંબુના ભાવ જેમ વધે છે તે જોતા હવે અમે આના કરતા દવા જ લઈ લઈએ તે વધુ સારું રહેશે.

## જન્મદિને વધામણી



હિરલ હિરેન ભટ્ટ
મોતી આર્ટીસ્ટ
મો. ૯૮૭૯૭ ૦૩૦૭૦




ભવ્ય રિતેષ સુખડીયા



પર્વ કેયુર શાહ
ફોન - ૨૩૨૨૩૬૯૧



વનશ્રી નીલકંઠ વ્યાસ
મો. ૯૯૨૫૦ ૭૯૭૦૭



બાબુભાઈ એમ. પટેલ
બ્રાન્ચ પ્રમુખ, જાયન્ટસ વેલ્ફેર ફાઉન્ડેશન, ૩-સી
મો. ૯૪૨૭૩ ૦૫૫૫૮

## ભાજપ દ્વારા મનપાના વોર્ડ વાઈઝ ચૂંટણી ઈન્ચાર્જ નિમાયા

| વોર્ડ | નામ | નામ |
|---|---|---|
| ૧ | ૨૫-૨૬-રાંધેજા | અમિતભાઇ ચૌધરી |
| | | નીતિનભાઇ પટેલ |
| | | દેવેન્દ્રસિંહ ચાવડા |
| ૨ | પેથાપુર-જીઇબી | મહેન્દ્રસિંહ રાણા |
| | | શંકરસિંહ રાણા |
| | | નરેન્દ્રસિંહ ઝાલા |
| ૩ | ૨૪-૨૭-૨૮ | સુભાષભાઇ પટેલ |
| | | કિર્તીભાઇ પટેલ |
| | | ડો. નિતીન અંજાન |
| ૪ | પાલજ-ધોળાકુવા | ધર્મેન્દ્રસિંહ વાઘેલા |
| | | જયદીપ બારોટ |
| ૫ | પંચદેવ | પ્રવિણભાઇ પટેલ |
| | | મહેન્દ્રસિંહ રાણા |
| | | રીટાબેન કેતનભાઇ પટેલ |
| ૬ | મહાત્મા મંદિર | નાજાભાઇ ઘાંઘર |
| ૭ | કોલવડા-વાવોલ | અશોકભાઇ પટેલ |
| | | આઇ.બી.વાઘેલા |
| ૮ | ૪-૫-અંબાપુર સરગાસણ | ઋષિકેશભાઇ પટેલ |
| | | હિતેન્દ્રભાઇ પટેલ |
| ૯ | ૨-૩-કુડાસણ | પ્રવિણભાઇ પટેલ (કર્ણાવતી મહાનગર) |
| | | મનુભાઇ પટેલ |
| | | વિષ્ણુજી ઠાકોર |
| ૧૦ | ૬-૭-કોબા | આશિષભાઇ દવે |
| | | રણછોડભાઇ રથવી |
| | | શીરીષ મોદી |
| ૧૧ | ભાટ-ખોરજ | ઘનશ્યામભાઇ પટેલ |

## કોવિડ-૧૯ સામેની લડાઈ કોવિડ રસીકરણ



ગાંધીનગર મહાનગર અર્બન હેલ્થ સેન્ટર દ્વારા આજરોજ સેકટર:૧૪માં ''દાદા પાર્લર'' સામે કોવિડ રસીકરણના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે વિનામૂલ્યે અને સુરક્ષિત છે. ૪૫ વર્ષથી ઉપરના માટે રસીકરણની સુંદર વ્યવસ્થા અર્બનની મેડીકલ ટીમ દ્વારા કરવામાં આવી હતી અને વસાહતીઓએ પણ મોટી સંખ્યામાં રસી મુકાવી હતી. સેકટરના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કોરોનાની રસી મૂકાવનારને પ્રોત્સાહિત કરવા જાગૃત વસાહત ફોરમના શ્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણે રસી મૂકાવનારાને પક્ષીઓને પાણી માટેના કુંડા વિતરણ કર્યા હતા. ગાંધીનગર મહાનગર અર્બન હેલ્થ દ્વારા આવતીકાલે પણ આ જ પ્રકારની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે તો સર્વે વસાહતીઓને રસી મૂકાવવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

## ડિવાઈન જુનિયર પ્રિ-સ્કૂલ દ્વારા ઓનલાઈન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૮

ડિવાઈન જુનિયર પ્રિ-સ્કુલના સ્થાપક ગીરાબેન ચૌધરી દ્વારા ફ્રી ઓનલાઈન વર્કશોપનું આયોજન આગામી તા. ૧૧મી એપ્રિલના રોજ કરવામાં આવ્યું છે. કોરોના કાળમાં જયારે બાકીની સ્કુલો આડેધડ પૈસા ઉઘરાવી રહી છે ત્યારે આ ફ્રી વર્કશોપ એવી મહિલાઓ માટે છે જેઓ એમના બાળકોને અંગ્રેજીમાં ભણાવવા, ઈન્ટરનેટ, ડીજીટલ કોમ્પ્યુટર વગેરેમાં અંગ્રેજી ભાષાના પ્રભુત્વ માટે આશાનું કિરણ લઈને આવી છે. જે નોકરી કરતી મહિલાઓને પણ રોજીંદા જીવનમાં અંગ્રેજી ભાષાના પ્રભુત્વમાં મદદરૂપ થશે.

## ચુંટણી જંગ વચ્ચે કોલવડા ખાતે તંદુરસ્ત લોકશાહીનું ઉદાહરણ જોવા મળ્યું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો જંગ બરાબર જામ્યો છે અને દરેક ઉમેદવાર પોતાના પ્રતિસ્પર્ધીને હરાવવા માટે કમરતોડ મહેનત કરી રહ્યાં છે. હાર જીતના આ જંગ વચ્ચે તંદુરસ્ત લોકશાહીનું એક ઉદાહરણ વોર્ડ નંબર ૭ના કોલવડા ખાતે જોવા મળ્યું હતું જેમાં એક ઉમેદવારે પોતાની પ્રતિસ્પર્ધી પાર્ટીના ઉમેદવારને મદદ કરી હોવાની ઘટના સર્જાઈ હતી. વોર્ડ નંબર ૭માં ઘણા ઉમેદવારો ખેડૂત છે અને અત્યારે ખેતરમાં ઘઉં લણાઈ ગયા હોવાથી તેને સ્ટોરેજ કરવાનું કામ ચાલી રહ્યું છે. આ વોર્ડના આપ પાર્ટીના મહિલા ખેડૂત ઉમેદવારને પ્રચાર સાથે ખેતીનું કામ પણ સંભાળવાનું હોવાથી તેઓ લણેલા ઘઉંનો જથ્થો ભરવામાં વ્યસ્ત હતા. આ સમયે ભાજપના ઉમેદવાર પ્રેમસિંહ ગોલ રાજનીતિ તેમજ ચુંટણી જંગ એકતરફ મુકીને આપના મહિલા ઉમેદવારને ખેતરમાંથી ઘઉં લઈ તેમના ઘરે પહોંચાડવાના કાર્યમાં મદદરૂપ બન્યાં હતા અને એક પારદર્શક પ્રતિસ્પર્ધાનું ઉદાહરણ પ્રસ્તુત કર્યુ હતુ.



# આઈઆઈટી ગાંધીનગર બાદ હવે 'નિફટ' કોરોનાની ઝપટે ચડી

### નિફટ કેમ્પસમાં ડાયરેકટર સહિત ૧૩ વ્યકિત કોરોનાગ્રસ્ત થતાં સ્ટાફને બે દિવસ માટે વર્કફ્રોમ હોમનો આદેશ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની જાણીતી ડિઝાઈન સંસ્થા નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી પણ કોરોના સંક્રમણની ઝપટે ચડવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર નિફટ ગાંધીનગર કેમ્પસમાં કોરોના સંક્રમણના ૧૩ કેસ આવતા સ્ટાફ ચિંતામાં મુકાવા પામ્યો છે. નિફટમાં ડાયરેકટર અમિત ખરે પણ કોરોના સંક્રમિત થયા હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે સંસ્થાના કર્મચારીઓને બે દિવસ માટે વર્ક ફ્રોમ હોમના આદેશ કરવામાં આવ્યા છે.

ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તારમાં સ્થિત નિફટ કેમ્પસમાં એકાએક કોરોના પોઝિટીવ કેસોનો રાફડો ફાટયો છે. નિફટના સ્ટાફમાં ૧૩ વ્યકિતઓ કોરોના પોઝિટીવ હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે જે પૈકી મોટાભાગના સ્ટાફ કર્મચારીના પરિવારજનો પણ સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે જે અનુસાર ત્રીસેક વ્યકિતઓને કોરોના ચેપ લાગવા પામ્યો છે. નિફટમાં સંક્રમિત થનાર સ્ટાફમાં ડાયરેકટરથી માંડીને પટાવાળા સુધીના કર્મચારીઓનો સમાવેશ થાય છે. અત્યારે નિફટ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે પરંતુ કેમ્પસમાં વિદ્યાર્થી માટેની કેન્ટિન ચાલુ રખાઈ છે જે દર્શાવે છે કે કેમ્પસમાં વિદ્યાર્થીઓની હાજરી છે. બીજી તરફ સંક્રમણના કેસો વધતા સ્ટાફને બે દિવસ માટે 'વર્ક ફ્રોમ હોમ'નો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે મુજબ સૂચના આપી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈઆઈટી ગાંધીનગર બાદ વધુ એક પ્રતિષ્ઠિત સંસ્થા કોરોના સંક્રમણને ઝપટે ચડવા પામી છે.

## ચુંટણી મુલત્વી રાખવાની માંગને ગરવી ગુજરાત પાર્ટીનું સમર્થન

ગાંધીનગર, તા.૮

સમગ્ર દેશમાં કોરોના મહામારી ચાલી રહી છે અને દિવસે દિવસે કોરોના વાયરસના એકિટવ કેસોની સંખ્યામાં અને મૃત્યુ આંકમાં વધારો થઈ રહ્યો છે જેના પગલે ગુજરાતના કેટલાંક શહેરોમાં રાત્રિ કરફર્યુ પણ લગાડવો પડયો છે તેમ છતાં કોરોના બેકાબુ બન્યો છે. આ સંજોગોમાં શહેરની અગ્રણી સંસ્થાઓ દ્વારા ચુંટણી મોકુફ રાખવા રજૂઆત કરવામાં આવી છે જેને ગરવી ગુજરાત પાર્ટી દ્વારા સમર્થન આપવા સથે મહાનગરપાલિકાની ચુંટણીઓ થોડા સમય માટે મુલત્વી રાખવા રાજય ચુંટણી પંચ સમક્ષ અપીલ કરવામાં આવી છે.

## ચિલોડા-ગાંધીનગર માર્ગ પર સોનાનો દોરો તોડી બાઈક ચાલક ફરાર

### બીએસએફ ગેટ સામે સાંજનો બનાવ

ગાંધીનગર, તા.૮

ચિલોડા-ગાંધીનગર માર્ગ પર ગતરોજ સાંજના સુમારે બીએસએફ ગેટ પાસે એકસેસ ચાલક મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ થવા પામી છે. મહિલાએ ચેઈન તુટતા બુમાબુમ કરતા સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. પરંતુ બાઈક ચાલક ચેઈન સ્નેચર આંખના પલકારમાં ગાયબ થઈ ગયો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે દોરા તોડનાર શખ્સને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૯ પ્લોટ નં. ૨૦૩ મહાલય એપાર્ટમેન્ટ સી-૩ ખાતે રહેતા અર્પિતાબેન કેતનભાઈ પટેલ (ઉં.૩૪, મુળ રહે.ઉમીયા ફાર્મ મગોડી), ગતરોજ સાંજના સમયે મગોડી થી એકસેસ નં. જી.જે.૧૮.સી.પી.-૮૨૮૪ લઈને પોતાના આઠ વર્ષના દિકરા ધ્યાન સાથે ગાંધીનગર આવવા માટે રવાના થયા હતા. તે સમયે ચિલોડા થી થોડા આગળ આવતા અર્પિતાબેનને કોઈ બાઈક ચાલક પીછો કરતો હોય તેમ લાગ્યું હતું.જેથી તેઓએ એકસેસ દોડાવતા આંખમાં જીવડા પડતા એકસેસ ધીમુ પાડ્યું હતું.તે અરસામાં બાઈક ચાલક નજીક આવીને ગળામાં પહેરેલ સોનાની ચેઈન ખેંચી હતી. જો કે એકસેસ ચાલક મહિલાએ સોનાની ચેઈન પકડી રાખી હતી.પરંતુ નાનકડા દિકરાએ બુમાબુમ કરી હતી. જયારે એકસેસ પરનો કાબુ ગુમાવે તેવુ લાગતા અને નીચે પડવાના ભયથી મહિલાએ ચેઈન છોડી દીધી હતી. ત્યારબાદ ગણતરીની મિનીટોમાં ચેઈન ઝુંટવી યુવક બાઈક લઈને ગાયબ થઈ ગયો હતો. મહિલાએ હોહા કરતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. પરંતુ કંઈ હાથ લાગ્યું ન હતું. મહિલા બાઈક ચાલકને જોતા તેણે લાલ કલરની લાઈનીંગવાળી ટીશર્ટ પહેરી હોવાનું જણાવ્યું હતું.જયારે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## શાંતિગ્રામ અદાણી ખાતે રહેતા મહિલા ડોકટરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા શાંતિગ્રામ અદાણી ખાતે રહેતા એક મહિલા ડોકટરે પોતાના ઘરે કોઈ કારણોસર આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. મૃતક મહિલા ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ ખાતે ફરજ બજાવતા હતા. જયારે મહિલા ડોકટરના પતિ સોલા સિવિલમાં પ્રોફેસર તરીકે નોકરી કરે છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શાંતિગ્રામ વોટર લીલી એપાર્ટમેન્ટ બી-૧૧૦૧ ખાતે રહેતા ડો. નિલેશભાઈ રમણલાલ ચૌહાણ સોલા સિવિલમાં આસિસટન્ટ તરીકે ફરજ બજાવે છે. જયારે તેમના પત્ની ડો. મનિષાબેન ચૌહાણ અમદાવાદના ચાંમુડા બ્રિજ પાસે આવેલી ગુજરાત કેન્સર સોસાયટી મેડીકલ કોલેજ ખાતે ફરજ બજાવતા હતા. ત્યારે આજે વહેલી સવારે ડો. મનિષા ચૌહાણે પોતાના ઘરના બાથરૂમમાં ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. ડોકટર દંપતિને સંતાનમાં એક સાત વર્ષિય દિકરી છે. જયારે બનાવ અંગે સાંતેજ પોલીસને જાણ થતા તેઓ તાત્કાલીક પહોચી ગયા હતા. ડો. મનિષાએ કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે હજુ કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘેલા હેતલબેન નહેન્દ્રસિંહ, ઉ.વ. ૩૨, લેકાવાડા
- સ્વ. રાણા દિલીપસિંહ વિસાજી, ઉ.વ. ૬૨, ધણપ
- સ્વ. પવાર હરદેવી પ્રેમસીંગ, ઉ.વ. ૭૧, સેકટર-૧૪
- સ્વ. ઠાકોર કનુભાઈ અંબાલાલ, ઉ.વ. ૪૮, ધણપ
- સ્વ. શાહ જયશ્રીબેન મનુભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૭
- સ્વ. ઠાકોર અંબાલાલ ગોબરજી, ઉ.વ. ૫૮, બાલવા, માણસા
- સ્વ. મોદી રાજેન્દ્રકુમાર વાડીલાલ, ઉ.વ. ૭૧, મગોડી
- સ્વ. નિમ્બાડી રંજનબેન સેવાદાસજી, ઉ.વ. ૬૩, સેકટર-૧૩
- સ્વ. રાજપુત મીઠુસિંહ દુધાસિંહ, ઉ.વ. ૭૯, સેકટર-૬
- સ્વ. શ્રીમાળી હસુમતીબેન અમૃતભાઈ, ઉ.વ. ૫૫, પેથાપુર
- સ્વ. ઠાકોર અમરાજી બબાજી, ઉ.વ. ૯૦, મોટા ચિલોડા
- સ્વ. જૈન રાકેશકુમાર, ઉ.વ. ૬૬, આબુરોડ, રાજસ્થાન
- સ્વ. પટેલ ગંગાબેન મફતલાલ, ઉ.વ. ૮૩, સરગાસણ
- સ્વ. પટેલ રમીલાબેન શકરાભાઈ, ઉ.વ. ૬૪, સેકટર-૨૭
- સ્વ. પટેલ બિનાબેન ઘનશ્યામભાઈ, ઉ.વ. ૩૬, રાંધેજા
- સ્વ. પટેલ ભોળાભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૬૯, ડીગુચા, કલોલ
- સ્વ. પટેલ અંજનાબેન હિતેન્દ્રકુમાર, ઉ.વ. ૪૨, સરઢવ
- સ્વ. શર્મા અંગુરીદેવી પુરૂષોત્તમલાલ, ઉ.વ. ૭૧, સેકટર-૨૬
- સ્વ. દેસાઈ અશોકભાઈ વિરમભાઈ, ઉ.વ. ૬૩, ભદ્રેસર, ઈડર
- સ્વ. દરજી સવિતાબેન બાબુભાઈ, ઉ.વ. ૭૨, સેકટર-૩૦
- સ્વ. મકવાણા રામજી આદરજી, ઉ.વ. ૪૩, મજરા, પ્રાંતિજ
- સ્વ. બિહોલા કૈલાસબેન દશરથસિંહ, ઉ.વ. ૫૭, સેકટર-૨૦
- સ્વ. પટેલ ભગવતીબેન વાસુદેવભાઈ, ઉ.વ. ૭૦, સેકટર-૫
- સ્વ. ત્રિવેદી સરોજબેન વિજયકુમાર, ઉ.વ. ૬૩, સેકટર-૨
- સ્વ. પંચોલી અનસુયાબેન હિંમતલાલ, ઉ.વ. ૭૦, માણસા
- સ્વ. પિલ્લાઈ નારાયણી ગોપીનાથન, ઉ.વ. ૭૬, સેકટર-૭
- સ્વ. રાવળ ભરતભાઈ લાખાભાઈ, ઉ.વ. ૫૧, ઓગણજ, દસકોઈ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. વાઘેલા સોનલબેન અજીતસિંહ, ઉ.વ. ૪૮, સરગાસણ
- સ્વ. મગતાણી જેઠાલાલ પરસરામ, ઉ.વ. ૭૩, સેકટર-૨૪
- સ્વ. ઠાકોર રામજી શકરાજી, ઉ.વ. ૪૧, પ્રાંતિયા
- સ્વ. ગુર્જર બનાભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૭૩, તારાપુર
- સ્વ. પરમાર ધનલક્ષ્મીબેન નટવરભાઈ, ઉ.વ. ૭૧, સેકટર-૫
- સ્વ. દત્ત દીવ્યેશ રમેશભાઈ, ઉ.વ. ૩૭, સેકટર-૫
- સ્વ. વખારીયા અતુલકુમાર વિનોદચંદ્ર, ઉ.વ. ૫૬, સેકટર-૪
- સ્વ. વાઘેલા અજીતસિંહ પોપટજી, ઉ.વ. ૫૨, સરગાસણ
- સ્વ. ઠાકોર બાબુજી ફુલાજી, ઉ.વ. ૫૦, ધોળાકુવા
- સ્વ. પટેલ મહેન્દ્રભાઈ જેઠાભાઈ, ઉ.વ. ૭૨, શેરથા
- સ્વ. પટેલ રણછોડભાઈ જોઈતાદાસ, ઉ.વ. ૭૫, પેથાપુર

# મનપાની ચુંટણીઓ મુલત્વી રખાવી વડાપ્રધાન દાખલો બેસાડે

### શહેર વસાહત મહામંડળ સહિત અગ્રણી સંસ્થાઓ સહિત પ્રબુધ્ધ નાગરિકોએ વડાપ્રધાન અને કેન્દ્રિય ગૃહ મંત્રીને મધ્યસ્થી બનવા અપીલ કરી : ઘણી રહેણાંક સોસાયટીઓ દ્વારા પ્રચાર માટે આવતા રાજકીય ટોળા પર 'પ્રવેશબંધી'નો વિચાર

ગાંધીનગર, તા.૮

કાળમુખા કોરોનાના કેર વચ્ચે યોજાઈ રહેલી ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ હવે શહેરીજનો માટે જોખમી સાબિત થશે તેવી દહેશત સાથે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓનો અવાજ ચુંટણી મુલત્વી રાખવા માટે વધુ પ્રબળ બની રહ્યો છે. શહેરમાં સંક્રમણની આપત્તિજનક પરિસ્થિતિની ગુજરાત હાઈકોર્ટે કરેલી સમીક્ષા પછી રાજય સરકારે જે પગલાં લેવા પડયા છે તેને અનુલક્ષીને પાટનગરમાં કાર્યરત નાગરિકલક્ષી સંસ્થાઓ દ્વારા વધુ એકવાર મહાનગરપાલિકાની ચુંટણીઓ રદ કરી વહીવટદારની નિમણુંક કરવા અપીલ સાથે વડાપ્રધાન તથા કેન્દ્રિય ગૃહમંત્રીને પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું છે કે શહેરના મોટા ભાગના વરિષ્ઠ નાગરિકો તથા વિવિધ આગેવાન સ્વૈચ્છિક સામાજિક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા સરકારે કોરોના સંક્રમણની વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સત્વરે ચુંટણીઓ મુલત્વી રાખવાનો અને વહીવટદાર નીમવાનો નિર્ણય કરીને ઉત્તમ દાખલો બેસાડવો જોઈએ તેવો અનુરોધ કરવામાં આવી રહ્યો છે. આ સંસ્થાઓમાં શહેર વસાહત મહામંડળ, વસાહત મહાસંઘ, જાગૃત નાગરિક પરિષદ, સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, જયોતિ મહિલા મંડળ, સિનિયર આર્કિટેક એન્જિનીયર એસોસિએશન ફોર પાર્લામેન્ટ એન્ડ રિસર્ચ સ્ટડીઝ, ગાંધીનગર પેન્શન સમાજ, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, રેશનલ સમાજ વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે સંસ્થાઓના અગ્રણી અરૂણભાઈ બુચ, જયોતિન્દ્રભાઈ દવે, એચ.બી. વરીયા, રવિન્દ્ર દવે, કેશરીસિંહ બિહોલા, વાગ્મિન બુચ, ભાનુપ્રસાદ પુરાણી, હસમુખભાઈ શાહ વગેરેએ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહને મધ્યસ્થી બનીને ચુંટણી રોકવા ઘટતું કરવા અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આ બાબતે જણાવાયું છે કે ચુંટણી મત વિસ્તારમાં ૬૦ ટકાથી વધુ પ્રતિનિધિત્વ શહેરમાં વરિષ્ઠ નાગરિકોનું છે જેઓ માટે આ ચુંટણીમાં મતદાન કરવું શકય બનશે કે કેમ તે પ્રશ્નાર્થ છે કેમ કે આરોગ્ય વિભાગની માર્ગદર્શિકા મુજબ ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોએ કોરોના મહામારીમાં ઘરની બહાર નીકળવું સલાહભર્યું નથી આ સંજોગોમાં તેઓ કે તેમના આશ્રિતો કેવી રીતે મત આપવા જશે? પ્રવર્તમાન સ્થિતિમાં ઘણી રહેણાંક સોસાયટીઓ દ્વારા પ્રચાર કરવા આવતા રાજકીય કાર્યકરોના ટોળા માટે પ્રવેશબંધી કરવાનું વિચારી રહી છે. જો ચુંટણી એક વર્ષ માટે પાછી ઠેલાય તો રાજકીય સમીકરણોમાં કોઈ મોટો ફેરફાર થાય તેવું જણાતું નથી પરંતુ અત્યારના સંજોગોમાં ચુંટણી લોકશાહીનું પર્વ નહી પરંતુ સામાન્ય જનતા માટે જીવસટોસટના જંગ સમાન બની રહે તેવી શકયતા જણાઈ રહી છે.

### ત્રણ મહિના સુધી ચુંટણી મુલત્વી રાખો : આમ આદમી પાર્ટી

**ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં પહેલીવાર ઝંપલાવનાર આમ આદમી પાર્ટી દ્વારા શહેરમાં ૪૦ બેઠકો પર પડકાર ફેંકવામાં આવી રહ્યો છે તે છતાં રાજય ચુંટણી પંચ સમક્ષ મનપાની ચુંટણીઓ હાલ પુરતી ત્રણ માસ માટે મુલત્વી રાખવા અપીલ કરવામાં આવી છે. કોવિડ-૧૯ મહામારીના કારણે નાગરિકોનું જીવન જોખમમાં મુકવું તે અયોગ્ય હોવાનું જણાવતા આમ પાર્ટીએ તેમના ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ડોર ટુ ડોર પ્રચાર દરમિયાન પાર્ટી દ્વારા કરાયેલા આંતરિક સર્વેના આધારે પાર્ટી જીતી રહી હોવાનું જણાઈ રહ્યું હોવાના દાવા સાથે ચુંટણી જીતવા કરતા નાગરિકોનું જીવન મહ્ત્વનું હોવાનું જણાવતા ચુંટણી મુલત્વી રાખવા રાજય ચુંટણી પંચ સમક્ષ અપીલ કરી છે.**